GJSK020140742024

| | |
|---|---|
| રજુ તારીખ: | ૨૬/૧૧/૨૦૨૪ |
| દાખલ તારીખ: | ૨૬/૧૧/૨૦૨૪ |
| ફેસલ તારીખ: | ૧૮/૦૪/૨૦૨૬ |
| અવધિ: વર્ષ – માસ – દિવસ<br>૦૧ – ૦૪ – ૨૩ | |

**મે.બીજા એડી.ચીફ જયુડીશ્યલ મેજીસ્ટ્રેટશ્રી સાહેબની કોર્ટમાં,મુ.હિંમતનગર**

**ફોજદારી કેસ નં. ૯૯૨૨/૨૦૨૪**

**આંક: ૨૮**

**ફરીયાદી:–** **શ્રી સરકાર.**

**વિરુધ્ધ**

**આરોપી:–** **મચંકકુમાર દિનેશભાઇ રાવળ,**ઉ.વ.૨૩,
રહે.સીંગા,તા.ઇડર,જી.સાબરકાંઠા

**ગુન્હો:–બી. એન. એસ. એકટ (૨૦૨૩) કલમ–૧૦૬(૧),૨૮૧,૧૨૫(એ) તથા એમ.વી.એકટ કલમ–૧૭૭,૧૮૪ મુજબ.**

---

**સરકારશ્રી તરફે:–** વિ.એ.પી.પી.શ્રી એસ.પી.પટેલ.

**આરોપીપક્ષ તરફે:–** વિ.વ.શ્રી એસ.એસ.મકવાણા.

---

**-:ઠરાવ:-**

૧. ફરીયાદપક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, આ કામના આરોપીએ તા.૨૬/૧૦/૨૦૨૪ ના કલાક-૧૪/૩૦ વાગે મોજે હિંમતનગર થી ઇડર તરફ જતા રોડ ઉપર ચાંદનગર તરફ જવાના નાકા પાસે રોડ ઉપર પોતાના કબ્જાની મોટર સાયકલ હીરો સુપર સ્પેન્ડર મોટર સાયકલ નં.જી.જે.૦૯ ડી.એમ.૯૩૦૨ ની પુરઝડપે અને ગફલતભરી રીતે તેમજ બેદરકારીપુર્વક હંકારી લાવી સાહેદ એલીસાબેન રોડ ઉપર ચાલતા જતા હતા દરમ્યાન ટકકર મારી અકસ્માત કરી માથાના ભાગે તથા શરીરે ઈજાઓ કરી સારવાર દરમ્યાન મોત નિપજાવી ગુનો કરેલ. જેથી સદર ગુના બાબતની વિગતવારની ફરીયાદ ફરીયાદીએ સબંધીત પો.સ્ટે.માં આપતાં, પોલીસે ગુનો રજીસ્ટર્ડ કરી, સદર ગુનાની તપાસ કરી, તપાસ દરમ્યાન લાગતાં વળગતાં સાહેદોના નિવેદનો નોંધી,પંચો રૂબરુ પંચનામા કરી, આરોપીને અટક કરી સમગ્ર તપાસના અંતે આરોપી વિરૂધ્ધ પુરતો પુરાવો જણાતા અદાલત સમક્ષ ચાર્જશીટ રજુ કરેલ.

૨. આરોપી વિરુધ્ધનુ ચાર્જશીટ દાખલ થતાં આરોપીને સમન્સ /વોરંટ કરતાં આરોપી હાજર થતાં બી.એન.એસ.એસ.ની કલમ-૨૩૦ મુજબ આરોપીને પોલીસ પેપર્સની નકલો પુરી પાડી તે અંગેની ખાતરી કરી, આ કેસની કાર્યવાહી આગળ ચલાવવામાં આવેલ.પરંતુ, હાલના કામે ફરીયાદપક્ષનો પુરાવો રેકર્ડ થયા બાદ ધ્યાન પર આવેલ કે, જે તે સમયે હાલના કામે તહોમતનામું ફરમાવવાનુ રહી જવા પામેલ હોય,જેથી આ કામે તા.૨૭/૦૩/૨૦૨૬ ના રોજ આંક-૨૫ થી તહોમતનામું ફરમાવવામાં આવેલ છે અને આરોપીની આંક-૨૬ થી પ્લી રેકર્ડ કરવામાં આવેલ છે. ત્યારબાદ, આંક-૨૭ થી આરોપીના વિ.વ.શ્રી ધ્વારા પુરસીસ રજુ કરી, આંક-૨૫ નુ તહોમતનામુ ફરમાવ્યા પહેલા અગાઉ જે પુરાવો લેવામાં આવેલ છે તે કબુલ મંજુર રાખેલ હોવાનુ જાહેર કરેલ છે.

**3.** ત્યારબાદ ફરીયાદપક્ષે આરોપી સામેનો કેસ પુરવાર કરવા માટે નીચે મુજબના મૌખિક તથા દસ્તાવેજી પુરાવાઓ રજુ કરેલ છે :

**(અ) મૌખિક પુરાવો:–**

| **અનુ. નં.** | **વિગત** | **આંક** |
|---|---|---|
| ૧. | પંચ સાહેદ જતીનભાઇ ખાંનાભાઇ તીરગરની જુબાની | **૦૬** |
| ૨. | પંચ સાહેદ રીઝોઇશકુમાર ડેવીડભાઇ ડામોરની જુબાની | **૦૮** |
| ૩. | પંચ સાહેદ ઇકબાલભાઇ રમજાનભાઇ લુહારની જુબાની | **૦૯** |
| ૪. | ફરીયાદી આનંદરાય જેઠાલાલ ક્રીષ્ચનની જુબાની | **૧૨** |
| ૫. | સાહેદ શીતલબેન વિનયભાઇ પટેલની જુબાની | **૧૪** |
| ૬. | સાહેદ દિપકભાઇ ભરતભાઇ રાવળની જુબાની | **૧૫** |
| ૭. | સાહેદ વિજયસિંહ રૂપસિંહ મકવાણાની જુબાની | **૧૮** |
| ૮. | ત.ક.અમલદારશ્રી રાકેશકુમાર વિનુભાઇ ચાવડાની જુબાની | **૧૯** |

**(બ) દસ્તાવેજી પુરાવો:–**

| **અનુ.નં.** | **વિગત** | **આંક** |
|---|---|---|
| ૧. | ઇન્કવેસ્ટ પંચનામુ | **૦૭** |
| ૨. | ગુનાવાળી જગ્યાનું પંચનામુ | **૧૦** |
| ૩. | ફરીયાદ | **૧૩** |
| ૪. | મરણજનારની પી.એમ.નોટ | **૧૬** |
| ૫. | અસલ વર્ધી | **૨૦** |
| ૬. | સુચિપત્ર | **૨૧** |
| ૭. | સ્થળ પરીક્ષણ અહેવાલ | **૨૨** |
| ૮. | આર.ટી.ઓ. એકસીડન્ટ રીપોર્ટ ફોર્મ | **૨૩** |

ત્યારબાદ આ કામે ફરીયાદ પક્ષ તર્ફે વિ.એ.પી.પી.શ્રી ધ્વારા મૌખિક રીતે તેઓનો પુરાવો પુર્ણ થયાનુ જાહેર કરેલ છે.

૪. ફરીયાદપક્ષ તરફે રજુ થયેલ પુરાવો ધ્યાને લેતાં બી.એન.એન.એસ.કલમ–૩૫૧ મુજબ આરોપીનું વિશેષ નિવેદન લેવામાં આવેલ છે.આ કામના આરોપીએ ફરીયાદપક્ષના પુરાવાનો ઈન્કાર કરી,વિશેષમાં જણાવેલ છે કે,તેઓ નિર્દોષ છે અને તેઓને ખોટા કેસમાં ફસાવવામાં આવેલ છે. તેમજ તેઓને સોગંદ ઉપર જુબાની આપવી નથી કે બચાવના સાહેદો તપાસવા નથી તેવુ જણાવેલ છે.

૫. ત્યારબાદ સદર કામે ફરીયાદ પક્ષે વિ.એ.પી.પી.શ્રી તથા બચાવપક્ષે તેઓના વિ.વ.શ્રીની દલીલો સાંભળી.

૬. સદરહુ કેસના નિર્ણય માટે નીચે મુજબના મુદ્દા ઉપસ્થિત થાય છે.

**<u>મુદાઓ:–</u>**

(૧) શું ફરીયાદપક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, આ કામના આરોપીએ તા.૨૬/૧૦/૨૦૨૪ ના કલાક–૧૪/૧૩ વાગે મોજે હિંમતનગર થી ઇડર તરફ જતા રોડ ઉપર ચાંદનગર તરફ જવાના નાકા પાસે રોડ ઉપર પોતાના કબ્જાની મોટર સાયકલ હીરો સુપર સ્પેન્ડર મોટર સાયકલ નં.જી.જે.૦૯ ડી.એમ.૯૩૦૨ ની પુરઝડપે અને ગફલતભરી રીતે તેમજ બેદરકારીપુર્વક હંકારી લાવી સાહેદ એલીસાબેન રોડ ઉપર ચાલતા જતા હતા દરમ્યાન ટકકર મારી અકસ્માત કરી માથાના ભાગે તથા શરીરે ઈજાઓ કરી સારવાર દરમ્યાન મોત નિપજાવી બી. એન. એસ. ની કલમ–૧૦૬(૧),૨૮૧,૧૨૫(એ) તથા એમ.વી.એકટ કલમ–૧૭૭,૧૮૪ મુજબનો શિક્ષા પાત્ર ગુનો કરેલ છે?

(૨) શુ હુકમ?

૭. ઉપરોકત મુદ્દાઓના મારા નિર્ણયો નીચે મુજબ છે.

(૧) નકારમાં.

(૨) આખરી હુકમ મુજબ.

**<u>::કારણો::</u>**

**<u>મુદા નં.૧:</u>**

૮. સદર મુદ્દાની સાબિતીનો બોજો પુરાવા અધિનિયમની કલમ–૧૦૧ થી ૧૦૩ મુજબ ફરીયાદપક્ષ પર હોય ફરીયાદપક્ષે તેઓના કેસના સમર્થનમાં રજુ મૌખિક પુરાવો બચાવપક્ષની ઉલટતપાસ સહીત ધ્યાને લેતા તથા દસ્તાવેજી પુરાવો તથા બંને પક્ષે રજુ દલીલો ધ્યાને લેતાં, ફરીયાદપક્ષે તેઓના કેસના સમર્થનમાં ઈન્કવેસ્ટ પંચનામાના **પંચ સાહેદ જતીનભાઈ ખાંનાભાઈ તીરગર**ને **આંક–૬** થી તેમજ અન્ય **પંચસાહેદ રીઝોઈશકુમાર ડેવીડભાઈ ડામોર**ને **આંક–૮** થી સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે.તેઓએ પોતાના સોગંદ ઉપરના પુરાવામાં જણાવેલ છે કે,આજથી આશરે દોઢથી બે મહીના અગાઉ સાંજના સમયે હિંમતનગર સિવીલ હોસ્પિટલમાં તેઓના સબંધીની ખબર માટે ગયેલા ત્યાં તેઓને પોલીસે બોલાવેલા અને તેઓને પંચમાં રહેવાનુ કહેલ અને સિવીલમા પી.એમ. રૂમમા એલીસાબેન કિશ્ચિયનનું મૃત શરીર પડેલ હતુ તેનુ તેઓ પંચો રૂબરૂ પંચનામુ કરેલ. પોલીસ સાહેબ બોલતા હતા અને જોતા હતા અને તે મુજબ પોલીસે પંચનામુ લખેલ. લાશના કપાળ ઉપર વાગેલાનું નિશાન હતુ અને ઢીમચું થઈ ગયેલ હતુ. મરણ જનાર ની લાશનુ પી.એમ. કરવા પંચનામુ કરેલ. તેઓને **આંક–૭** થી રજુ ઈન્કવેસ્ટ પંચનામુ બતાવતા તેમાં તેઓની સહી ઓળખી બતાવેલ છે.

૯. ફરીયાદપક્ષે તેઓના કેસના સમર્થનમાં બનાવવાળી જગ્યાના પંચનામાના **પંચ સાહેદ ઈકબાલભાઈ રમજાનભાઈ લુહાર** ને **આંક–૯** થી તપાસેલ છે. તેઓએ પોતાના સોગંદ ઉપરના પુરાવામાં જણાવેલ છે કે,આજથી આશરે દોઢેક મહીના પહેલા ડૉ.મહેન્દ્રભાઈ સોની

સાહેબના દવાખાના આગળ પોલીસે તેમને પંચનામા રહેવા સારૂ બોલાવેલ. જેમાં તેઓ સ્વખુશી દર્શાવી પંચમા રહેલ.ડૉ. મહેન્દ્રસોનીના દવાખાના આગળ મુખ્ય રોડ છે ત્યાં પંચનામુ કરેલ.ત્યાં મોટરસાયકલ પડેલી હતી તેનો નંબર–જી.જે.૦૯–ડી.એમ.૯૩૦૨નો હતો.**(નોધ:–સાહેદે પોતાના ખીસ્સામાંથી મોબાઈલ કાઢી મોટરસાયકલના ફોટા પરથી નંબર જોઈને બોલેલ છે.)** સ્થળ પર ખૂનના નીશાન પડેલા હતા. તેઓએ આટલી હકીકત પોલીસને લખાવેલી અને પોલીસે લખી લીધેલી.તેઓએ **આંક–૧૦** થી રજુ બનાવવાળી જગ્યાના પંચનામામાં તેઓની સહી ઓળખી બતાવેલ છે.

સદર સાહેદે બચાવપક્ષ તરફેની ઉલટતપાસમાં સ્વીકારેલ છે કે, પંચનામુ કેટલા વાગ્યેથી કેટલા વાગે સુધી કરેલુ તેની તેઓને ખબર નથી ત્યારબાદ સાહેદ જણાવે છે કે, તારીખ ર૭ ના રોજ પંચનામુ કરેલ. વધુમાં સ્વીકારેલ છે કે, મરણજનારની લાશની સાડીનો કલર કયો હતો તે તેઓને ખબર નથી ત્યારબાદ તેઓએ જણાવેલ છે કે, તે લાઈટ કલર હતો.

૧૦. ફરીયાદપક્ષે તેઓના કેસના સમર્થનમાં ફરીયાદી **આનંદરાય જેઠાલાલ ક્રીષ્ચન** ને **આંક–૧ર** થી તપાસેલ છે. તેઓએ પોતાના સોગંદ ઉપરના પુરાવામાં જણાવેલ છે કે,તેઓના સાસુ એલિસાબેનના અકસ્માતવાળો બનાવ ર૦ર૪ ના દસમા મહીનામાં બનેલ. બનાવના દિવસે તેઓ નોકરી ઉપર હતા તે દરમીયાન તેઓની સાળી શીતલબેનનો તેઓના ઉપર ફોન આવેલ અને જણાવેલ કે,''મારી મમ્મી એલીશાબેનનો અકસ્માત થયેલ છે અને સીવીલ હોસ્પીટલમાં લઈ જઈ રહેલ છીએ. તેમજ મોટર સાયકલથી મારી મમ્મીનું અકસ્માત થયેલ છે. મારી મમ્મીનું અકસ્માત લાલ કલરની મોટર સાયકલથી થયેલ.''જેથી તેમને સમાચાર મળતા તેઓ સીવીલ હોસ્પીટલ હિંમતનગર ગયેલ અને ત્યાં જઈને જોયુ તો તેમના સાસુ ગુજરી ગયેલ

હતા અને તેમને ડોકટર ધ્વારા મૃત જાહેર કરેલ. તેઓએ તેમના સાસુની બોડી જોયેલ તો તેમને માથાના ભાગે ગંભીર ઈજાઓ થયેલી હતી. તેઓ સીવીલમાંથી અકસ્માતવાળી જગ્યા એટલે કે હિંમતનગર ઈડર રોડ ઉપર સાબર ગેસની સામેના રોડ ઉપર ગયેલ અને ત્યાં જઈને જોયુ તો અકસ્માત કરનાર મોટર સાયકલ રોડની સાઈડમા પડેલુ હતુ. તેઓએ મોટર સાયકલનો નંબર જે તે વખતે જોયેલો પરંતુ તેનો આખો નંબર હાલ તેમને યાદ નથી. તેમને ત્યાં એવુ જાણવા મળેલું કે, આ અકસ્માત કરનાર મોટર સાયકલ ચાલકને પોલીસ પકડી લઈ ગયેલ છે તેવુ લોકોએ કહેલ. તેઓની સાસુનુ સીવીલ હોસ્પીટલમાં પી.એમ. થયેલુ અને ત્યારબાદ આ બનાવની તેઓએ પોલીસમાં ફરીયાદ આપેલ. તેઓએ **આંક-૧૩** થી રજુ ફરીયાદ બતાવતાં તેમાં તેઓની સહી ઓળખી બતાવેલ છે.ફરીયાદપક્ષ તરફે ફરીયાદીને વિ.એ.પી.પી.શ્રીએ ફરી ગયેલા જાહેર કરી ઉલટતપાસ કરેલ. તેમાં તેઓએ સ્વીકારેલ છે કે,તેઓએ પોલીસ રુબરુની ફરીયાદમાં એવી હકીકત લખાવેલ છે કે, શીતલબેને તેમને ફોનમા જણાવેલ કે,'' મારી મમ્મી એલીશાબેનને અકસ્માત થયેલ હોય તમો તાત્કાલીક આવો'' જેથી તેઓ હિંમતનગર ચાંદનગરના નાકે પહોચ્યો અને ત્યાં તેઓની સાળી શીતલબેન હાજર હોય તેઓને પુછતા તેઓએ જણાવેલ કે, ''મારી મમ્મી એલીશાબેન હિંમતનગર ચાંદનગર રોડ ઉપર બપોરના અઢી વાગ્યે સુમારે ચાલતા જતા હતા દરમ્યાન ચાંદનગરના નાકા ઉપર એક હીરો હોન્ડા સુપર સ્પ્લેન્ડર મોટર સાયકલ નં. જી.જે.૦૯ ડી.એમ ૯૩૦૨ ના ચાલક મયંકકુમાર દિનેશભાઈ રાવળનાઓએ એલીશાબેનને ટકકર મારતા માથાના ભાગે તથા શરીરે ઈજાઓ થતા સારવાર માટે હિંમતનગર સીવીલ હોસ્પીટલ લઈ ગયેલા.વધુમાં સ્વીકારેલ છે કે,તેઓએ તેમની પોલીસ રુબરુની ફરીયાદમાં એવી હકીકત પણ લખાવેલ છે કે, આજુબાજુમા માણસો ભેગા થઈ ગયેલા હોય અને બાજુમા જોતા એક મોટરસાયકલ પડેલ હોય જે જોતા હીરો સુપર સ્પ્લેન્ડર મોટર સાયકલ નં. જી જે ૦૯ ડી

એમ ૯૩૦૨ નું પડેલ હતુ અને તેની બાજુમાં એક ઈસમ ઉભેલ હોય જેનુ નામ પુછતા તેણે તેનુ નામ મયંકકુમાર દિનેશભાઈ રાવળ રહે. શીંગા તા. ઈડર જી. સાં.કા.વાળો હોવાનુ જણાવેલ.મજકુર ફરીયાદી ફરીયાદની હકીકતને સંપુર્ણ સમર્થન કરતાં ન હોય ફરીયાદપક્ષ તરફે સદરહુ સાહેદને વિ.એ.પી.પી.શ્રીએ ફરી ગયેલા જાહેર કરી ઉલટતપાસ કરેલ છે પરંતુ સદર સાહેદની ઉલટતપાસ થકી ફરીયાદપક્ષના કેસને સમર્થન સાંપડે તેવી કોઈ ફળદાયી હકીકત રેકર્ડ ઉપર લાવી શકેલ નથી.

સદર સાહેદે બચાવપક્ષ તરફેની ઉલટતપાસમાં સ્વીકારેલ છે કે,બનાવ સમયે તેઓ નોકરી ઉપર હતા તેથી બનાવ તેઓએ નજરે જોયેલ નથી.વધુમાં સ્વીકારેલ છે કે,શીતલબેન પણ બનાવ વખતે બનાવવાળી જગ્યાએ હાજર હતા નહી અને તેમણે બનાવ નજરે જોયેલ નથી.

**૧૧.** ફરીયાદપક્ષે તેઓના કેસના સમર્થનમાં સાહેદ **શીતલબેન વિનયભાઈ પટેલ**ને **આંક–૧૪** થી તપાસેલ છે. તેઓએ પોતાના સોગંદ ઉપરના પુરાવામાં જણાવેલ છે કે,તા. ૨૬/૧૦/૨૪ ના રોજ તેઓ તેમના ઘરે હતા અને વિજયસિંહનાઓએ તેમને ફોન કરી જણાવેલ કે,'' તમારી માતા એલીશાબેનને અકસ્માત થયેલ છે'' જેથી તેઓ તેમના જણાવ્યા મુજબ ચાંદનગર નાકા આગળ ગયેલા જયાં વિજયસિંહે તેમને જણાવેલ કે,'' હું દવાખાનાની બહાર આવેલ તે વખતે રોડ ઉપર ટોળુ હતુ તેથી મે જોયુ તો અમારી હોસ્પલટલમાં નોકરી કરતા એલીશાબેનનાઓ ઈજાગ્રસ્ત હાલતમાં હતા અને ત્યાં હાજર મોઈનભાઈએ જણાવેલ કે ''એક સ્પ્લેન્ડર ચાલકે એલીશાબેનને ટકકર મારી દીધેલી.'' જે મોટર સાયકલ ત્યાં પડેલ હતુ. ત્યારબાદ ૧૦૮ ને બોલાવી અને તેઓની માતાને હિંમતનગર સીવીલમાં લઈ ગયેલા જયાં ડોકટરે તેઓની માતાને મરણ જાહેર કરેલ. આ બાબતની ફરીયાદ તથા પોલીસે તેઓની પુછપરછ કરેલ. આ સીવાય બીજુ કાંઈ જાણતા નથી.

સદર સાહેદે બચાવપક્ષ તરફેની ઉલટતપાસમાં સ્વીકારેલ છે કે, બનાવ સમયે તેઓ હાજર ન હતા.વધુમાં સ્વીકારેલ છે કે, બનાવ તેઓએ નજરો નજર જોયેલ નથી અને તેથી કોની બેદરકારી હતી તે તેઓ કહી શકે નહી.વધુમાં સ્વીકારેલ છે કે, વાહન ચાલકનુ નામ કે વાહનનો નંબર તેમને ખબર નથી.

**૧૨.** ફરીયાદપક્ષે તેઓના કેસના સમર્થનમાં સાહેદ **દિપકભાઈ ભરતભાઈ રાવળ**ને **આંક–૧૫** થી તપાસેલ છે. તેઓએ પોતાના સોગંદ ઉપરના પુરાવામાં જણાવેલ છે કે,આજરોજ કોર્ટમાં હાજર આરોપી મયંકભાઈ દિનેશભાઈ રાવળ તેઓના માસીના દિકરા થાય છે.તેઓ તેમને જન્મ થી જ તેમને ઓળખે છે. બનાવ આજથી આશરે છ એક માસ પહેલા બનેલ. બનાવના દિવસે તેઓ તથા તેઓના માસીના દિકરા મયંકભાઈ દિનેશભાઈ રાવળ બંને જણા હીરો સુપર સ્પ્લેન્ડર મોટર સાયકલ ઉપર બેસીને ટાવર બાજુથી ન્યાયમંદીર તરફ જતા હતા. આ મોટર સાયકલ મયંકભાઈ ચલાવતા હતા અને તેઓ તેમની પાછળ બેસેલ હતા. તેઓનુ મોટર સાયકલ ચાંદનગર પહોંચેલ ત્યારે એક માજી આવીને તેઓની મોટર સાયકલ સાથે ટકરાયેલા જેથી તેઓ પડી ગયેલા અને તેઓ બંને મોટર સાયકલ સાથે પડી ગયેલા. અકસ્માતમાં માજીને (બેન) પણ વાગેલું અને તેઓ બંનેને પણ નાની મોટી ઈજાઓ થયેલી. આજુબાજુમાંથી માણસો ભેગા થઈ ગયેલા તે પૈકી કોઈકે ૧૦૮ મોબાઈલ વાન બોલાવેલી જેથી થોડી વારમાં ત્યાં ૧૦૮ મોબાઈલ વાન આવેલી જેમાં અકસ્માતમાં જે બેનને વાગેલ હતુ તેમને હિંમતનગર સીવીલ હોસ્પિટલમાં સારવાર માટે લઈ ગયેલા.તેઓ ત્યાં હાજર હતા તે દરમ્યાન જ પોલીસના માણસો આવી ગયેલા અને તેઓ બંનેને પોલીસ સ્ટેશને લઈ ગયેલ. તેમને એવુ જાણવા મળેલુ કે જે બેન સાથે અકસ્માત થયેલ હતો તેઓ ગુજરી ગયેલા. આ બનાવમાં તેમને હોઠના ભાગે તથા આંખથી નીચેના ભાગે સામાન્ય ઈજાઓ થયેલી. તેમના ભાઈને સામાન્ય બેઠો માર વાગેલ હશે.તેઓએ સરકારી દવાખાનામાંથી સારવાર લીધેલ નથી. તેમના ભાઈ મયંકભાઈ

મોટર સાયકલ લઈને જતા હતા ત્યારે મોટર સાયકલની ઝડપ સામાન્ય હતી. મોટર સાયકલનો નંબર તેમને અત્યારે યાદ નથી. આ બનાવની ફરીયાદ અકસ્માતમાં ગુજરનાર બેનના જમાઈ હતા તેઓએ આપેલી અને પોલીસે તપાસના કામે તેમનો જવાબ લીધેલો.

સદર સાહેદે બચાવપક્ષ તરફેની ઉલટતપાસમાં સ્વીકારેલ છે કે, તેમની અને મયંકભાઈની ગાડીની સ્પીડ ધીમી હતી કારણ કે દિવાળીનો માહોલ હતો જેથી તેઓ તથા મયંકભાઈ બજારે દિવાળીની ખરીદી કરવા આવેલા. વધુમાં સ્વીકારેલ છે કે,તેઓનું મોટર સાયકલ રસ્તાની રાઈટ સાઈડ ઉપર હતુ પરંતુ માજી અચાનક રોડ ક્રોસ કરતા વચ્ચે આવેલા.વધુમાં સ્વીકારેલ છે કે,અકસ્માત વાળો રોડ એ સ્ટેટ હાઈવે છે અને ત્યાં વાહનોની સતત અવરજવર રહેતી હોય છે.

૧૩. ફરીયાદપક્ષે તેઓના કેસના સમર્થનમાં સાહેદ **વિજયસિહ રુપસિંહ મકવાણા**ને **આંક–૧૮** થી તપાસેલ છે. તેઓએ પોતાના સોગંદ ઉપરના પુરાવામાં જણાવેલ છે કે, તેઓ છેલ્લા ૭–૮ વર્ષથી યશદીપ હોસ્પિટલ ખાતે નોકરી કરે છે.તેઓ આ કામના ઈજા પામનાર એલીસાબેનને ઓળખે છે. જેઓ તેઓની હોસ્પિટલમાં જ સાથે નોકરી કરે છે. એલીસાબેનનો અકસ્માત વાળો બનાવ આજથી આશરે ૭–૮ મહીના પહેલા બનેલ. બનાવના દિવસે બપોરના આશરે ૧૨–૩૦ થી ૧–૦૦ વાગ્યાના અરસામાં તેઓ તેમની હોસિપટલમાં નોકરી ઉપર હતા અને હોસ્પિટલના ગેટ ઉપર ઉભેલ હતા. તે વખતે ચાંદનગર તરફથી એક ભાઈ આવેલા અને તેઓએ તેમને કહેલ કે તેઓની હોસ્પિટલમાં નોકરી કરતા એક બહેનને અકસ્માત થયેલ છે. અકસ્માત વાળી જગ્યા હોસ્પિટલના ગેટથી આશરે ૭૦૦ થી ૮૦૦ ફુટ હતી તેથી તેઓએ જોયેલ તો એલીસાબેનને કેટલાક માણસો ઉચકીને ફાતેમા હોસ્પિટલ તરફ લઈ જતા હતા જેથી તેઓ પણ તેમની સાથે ફાતેમા હોસ્પીટલમાં ગયેલ તેઓએ તેમને જોયેલ તો

એલીસાબેનને કપાળના ભાગે તથા આંખની આજુબાજુ ઈજાઓ થયેલી અને શરીરે બેઠો માર વાગેલ તેમનાથી બોલાતુ ન હતુ તેથી તેઓએ તેમને કઈ પુછેલ નહીં પાછળથી તેમને કઈ જાણવા મળેલ નહી કે અકસ્માત કઈ રીતે થયેલો અને આ અકસ્માત કોણે કરેલો તે પણ કઈ જાણવા મળેલ નહી.એલીસાબેન ફાતેમા હોસ્પીટલમાં સામાન્ય સારવાર લીધેલી અને ત્યાં ૧૦૮ મોબાઈલ વાનને બોલાવી અને ત્યાંથી વધુ સારવાર સીવીલ હોસ્પીટલમાં લીધેલી. તેઓ હોસ્પીટલમાં ગયેલ ત્યારે અકસ્માત અંગેની જાણ તેઓએ તેમની દીકરીને ફોનથી કરેલી આ બનાવની ફરીયાદ થયેલી અને પોલીસે તેમનો જવાબ લીધેલ તેમજ તેઓએ કોર્ટમાં હાજર આરોપીને ઓળખી બતાવેલ નથી. સદર સાહેદ ફરીયાદની હકીકતને સંપુર્ણ સમર્થન કરતાં ન હોય ફરીયાદપક્ષ તરફે સદરહુ સાહેદને વિ.એ.પી.પી.શ્રીએ ફરી ગયેલા જાહેર કરી ઉલટતપાસ કરેલ છે પરંતુ સદર સાહેદની ઉલટતપાસ થકી ફરીયાદપક્ષના કેસને સમર્થન સાંપડે તેવી કોઈ ફળદાયી હકીકત રેકર્ડ ઉપર લાવી શકેલ નથી.

સદર સાહેદે બચાવપક્ષ તરફેની ઉલટતપાસમાં સ્વીકારેલ છે કે,આ બનાવ વિશે તેઓએ વાતો વાતોથી જાણેલ.વધુમાં સ્વીકારેલ છે કે,આ બનાવ તેઓએ નજરોનજર જોયેલ નથી. વધુમાં સ્વીકારેલ છે કે ,તેઓ જે હોસ્પીટલે ઉભા હતા ત્યાંથી આ બનાવવાળી જગ્યા ૫૦૦ થી ૭૦૦ ફુટ દુર હતી.વધુમાં સ્વીકારેલ છે કે, તેઓએ પોલીસને રૂબરૂ કોઈ હકીકત જણાવી હોય અને પોલીસે તેઓના કહેલા મુજબની હકીકત લખેલ હોય તેવુ બનેલ નથી.

**૧૪.** ફરીયાદપક્ષે તેઓના કેસના સમર્થનમાં ત.ક.અમલદાર **રાકેશકુમાર વિનુભાઇ ચાવડા**ને **આંક–૧૯** થી તપાસેલ છે. તેઓએ પોતાના સોગંદ ઉપરના પુરાવામાં જણાવેલ છે કે, તેઓ છેલ્લા અઢી વર્ષથી હિંમતનગર બી.ડીવી.પો.સ્ટે.માં અનાર્મ હે.કો. તરીકે ફરજ બજાવે

છે.તા.૨૬/૧૦/૨૪ના રોજ મેડીકલ ઓફીસર હિંમતનગર શ્રી કે.બી. પરમારનાઓએ પોલીસ સ્ટેશનને ટેલીફોનીક વર્ધી ધ્વારા જણાવેલ કે, અકસ્માતના કામે મરણ જનાર એલીસાબેન ધુળજીભાઈ અસારીનાઓનું અકસ્માતમા મોત થયેલ હોઈ, યોગ્ય રીતે ઘડતી કાર્યવાહી કરવી જે આધારે પોલીસ સ્ટેશનના પી.એસ.ઓ. શ્રીએ આ બાબતની કાર્યવાહી કરવા સારૂ તેમને વર્ધી આપેલી દવાખાના વર્ધી નં. ૧૩૪/૨૦૨૪ થી આપેલ જે અસલ વર્ધીમાં પી.એસ.ઓ.ની સહી ઓળખી બતાવેલ છે. જેને **આંક-૨૦** થી રજુ રાખેલ છે. સદર વર્ધી આધારે તેઓએ દવાખાનામાં તપાસ કરતા અકસ્માતમાં એલીસાબેનનુ મોત નીપજેલ હોઈ જેથી ૩ પંચોને હાજર રાખી પંચોની હાજરીમાં ઇન્કવેસ્ટ પંચનામુ કરેલ અને ૩ પંચની સહીઓ લીધેલ અને રૂબરૂ તરીકે તેઓએ સહી કરેલ તેમને આંક-૭ વાળું પંચનામું બતાવતા તેમાં તેઓની તથા પંચોની સહી ઓળખી બતાવેલ છે.તે જે દિવસે આ કામના ફરીયાદી આનંદરાય જેઠાલાલ ક્રિશ્ચન રહે. મોતીપુરા હિંમતનગર વાળાઓએ અકસ્માત અંગેની ફરીયાદ પો.સ્ટે.ના એ.એસ.આઈ (પી.એસ.ઓ.)બીન્દુબેન રમેશભાઈનાઓ રૂબરૂ આપતા તેઓએ ફરીયાદ હકીકત લખી લઈ ફરીયાદીની સહી લીધેલ અને રૂબરૂ તરીકે તેઓએ પોતાની સહી કરેલી ત્યારબાદ સદર ફરીયાદ આધારે હિંમતનગર બી.ડીવીઝન પો.સ્ટે પાર્ટ એ -- ૪૦૯૮૫/૨૦૨૪ ભારતીય ન્યાય સંહિતા એકટની કલમ - ૧૦૬(૧), ૨૮૧, ૧૨૫ (એ) તથા એમ.વી.એકટની કલમ- ૧૭૭, ૧૮૪ મુજબનો ગુનો રજીસ્ટર કરેલ. સદર ગુનાનુ ગુના લગત સુચીપત્ર તૈયાર કરી આ ગુનાની આગળની તપાસ તેમને સુપરત કરેલ. તેઓએ **આંક-૨૧** થી રજુ સુચિપત્રમાં તેઓની સહી ઓળખી બતાવેલ છે. ગુજરનાર એલીસાબેનનું ડોકટરે પી.એમ. કરતા તેમની લાશ તેમના સગા સબંધીઓને સુપરત કરેલ.ત્યારબાદ બે પંચોને હાજર રાખી ગુનાવાળી જગ્યાનુ પંચનામુ કરેલ મને. **આંક-૧૦** વાળુ પંચનામુ બતાવવામાં આવે છે તેમાં બે પંચોની તથા તેઓની સહી ઓળખી

બતાવેલ છે. આ કામે લાગતા વળગતા સાહેદોના નિવેદનો લીધેલા તેમજ તપાસ દરમ્યાન ડાયેરોકટોરેટ ઓફ ફોરેન્સીક સાયન્સ ગાંધીનગર સાઈન્ટીફીક ઓફીસર ધ્વારા સ્થળ પરીક્ષણ કરેલ હોય તેનો અહેવાલ મેળવી કામમાં સામેલ રાખેલ. તેમને અસલ અહેવાલ બતાવવમાં આવે છે જે તપાસના કામે મેળવી કામમા રજુ રાખેલ તે જ છે જેને **આંક–૨૨** થી રજુ રાખેલ છે. તેઓની તપાસ દરમ્યાન આર.ટી.ઓ. એકસીડન્ટ રીપોર્ટ ફોર્મ વાહનની ચકાસણી બાબતનુ ફોર્મ આર.ટી.ઓ.ધ્વારા કરતા જે મેળવી આ કામમાં સામેલ રાખેલ. જેમાં ઈન્સ્પેકટરશ્રી આર.ટી.ઓ.ની સહી છે જે અસલ કામમાં **આંક–૨૩** થી રજુ રાખેલ છે. તેઓએ તપાસ દરમ્યાન **આંક–૧૬** વાળી ગુજરનારની પી.એમ. નોટ મેળવી કામમાં સામેલ રાખેલ આરોપીને નોટીસ આપી નામદાર કોર્ટમાં હાજર રહેવાની જાણ કરેલ. આરોપી વિરૂધ્ધ પુરતો પુરાવો જણાતા ચાર્જશીટ કરેલ. તેમજ તેઓએ કોર્ટ રૂબરુ હાજર આરોપીને ઓળખી બતાવેલ છે.

સદર સાહેદે બચાવપક્ષ તરફેની ઉલટતપાસમાં સ્વીકારેલ છે કે,બનાવવાળી જગ્યાએ વાહન વ્યવહાર ૨૪ કલાક ચાલુ રહેતો હોય છે. વધુમાં સ્વીકારેલ છે કે,બનાવવાળી જગ્યાથી ૧૦૦ મીટર પહેલા ડી.એસ.પી. ઓફીસ આવેલ છે.વધુમાં સ્વીકારેલ છે કે,ડી.એસ.પી. ઓફીસ આગળ બે બમ્પ આવેલા છે. વધુમાં સ્વીકારેલ છે કે, બનાવ બનેલ હતો તે વખતે દિવાળીનો સમય હતો.વધુમાં સ્વીકારેલ છે કે, બનાવવાળી જગ્યાએ ઘણી બધી દુકાનો અને કોમ્પલેક્ષો આવેલા છે.

(૧૫) વિશેષમાં, આ કામે આંક–૧૬ થી પી.એમ. રીપોર્ટની ખરી નકલ રજુ રાખેલ છે. જેને બચાવપક્ષે આંકે પાડવા સામે વાંધો ન હોવાનો શેરો કરી આપતા સદર દસ્તાવેજી આધારને પુરાવામાં આંકે પાડી વંચાણે લીધેલ છે.

(૧૬) આ કામના આરોપી સામે **બી.એન.એસ.ની કલમ –૨૮૧, ૧૦૬(૧),૧૨૫(એ) એમ.વી.એકટની કલમ –૧૭૭, ૧૮૪ મુજબના ગુનાનો આક્ષેપ છે. જેથી બી.એન.એસ.ની કલમ –૨૮૧,**

**૧૦૬(૧),૧૨૫(એ) તથા એમ.વી.એકટની કલમ –૧૭૭, ૧૮૪** ની જોગાવાઈ ધ્યાને લેવામાં આવે તો,

**(અ) ભારતીય ન્યાય સંહિતાની કલમ એકટ (૨૦૨૩) ની કલમ ૧૦૬(૧)** વંચાણે લેતા તે મુજબ, જે વ્યકિત ગુનાહિત મનુષ્ય વધ ન ગણાય એવુ બેફામ રીતે કે બેદરકારી ભર્યુ કૃત્ય કરીને બીજાઓની જિંદગી કે શારીરિક સલામતી જોખમમાં મૂકાય એવા કૃત્યથી કોઈ વ્યકિતનું મૃત્યુ નિપજાવવા અને વ્યથા કરવા કે મહાવ્યથા કરવા બાબતનાં શિક્ષાપાત્ર ગુનાને સાબિત કરવા ફરિયાદ પક્ષે નીચે મુજબની બાબતો સાબીત કરવી જરુરી છે.

૧. આરોપીએ બેફામપણે અથવા બેદરકારીપૂર્વક કોઈ કૃત્ય કરેલ છે.

૨.તેવા કૃત્યના કારણે માનવજીંદગી અથવા અન્યની શારીરિક સલામતી ભયમાં મુકાયેલ હોય.

૩. તેવા કૃત્યના કારણે કોઈ વ્યકિતનું મૃત્યુ થયેલ હોય અથવા વ્યથા કે મહાવ્યથા નિપજેલ હોય.

**(બ) ભારતીય ન્યાય સંહિતાની કલમ એકટ (૨૦૨૩) ની કલમ – ૨૮૧** વંચાણે લેતા તે મુજબ, જાહેર રસ્તા ઉપર નિષ્કાળજીથી વાહન ચલાવવા અથવા સવારી કરવા બાબતના શિક્ષાપાત્ર ગુનાને સાબિત કરવા ફરિયાદ પક્ષે નીચે મુજબની બાબતો સાબીત કરવી જરુરી છે.

૧. આરોપીએ જાહેરમાં રસ્તા ઉપર વાહન ચલાવેલ છે.

૨. બેફામપણે અથવા બેદરકારીપૂર્વક આવું વાહન ચલાવેલ છે.

૩. જેના કારણે બહુજન સમુદાયની જીંદગી ભયમાં મુકાય અથવા કોઈ વ્યકિતને વ્યથા અથવા મહાવ્યથા કે હાની થવા સંભવ હોય.

**(ક) ભારતીય ન્યાય સંહિતાની કલમ એકટ (૨૦૨૩)** ની કલમ – ૧૨૫(એ)(બી) વંચાણે લેતા તે મુજબ, જે વ્યકિત બીજાઓની જિંદગી કે શારીરિક સલામતી જોખમમાં મૂકાય એવુ બેફામ રીતે કે

બેદરકારી ભર્યુ કૃત્ય કરીને કોઈ વ્યકિતને વ્યથા કે મહાવ્યથા કરે તે બાબતનાં શિક્ષાપાત્ર ગુનાને સાબિત કરવા ફરિયાદ પક્ષે નીચે મુજબની બાબતો સાબીત કરવી જરૂરી છે.

૧. આરોપીએ બેફામપણે અથવા બેદરકારીપૂર્વક કોઈ કૃત્ય કરેલ છે.

૨. તેવા કૃત્યના કારણે માનવજીંદગી અથવા અન્યની શારીરિક સલામતી ભયમાં મુકાયેલ હોય.

૩. તેવા કૃત્યના કારણે કોઈ વ્યકિતને વ્યથા કે મહાવ્યથા થયેલ હોય.

જ્યારે મોટર વ્હીકલ એકટની કલમ ૧૭૭ મુજબ મોટર વ્હીકલ એકટના રૂલ્સ–નોટીફીકેશન વિગેરેની જોગવાઈનો ભંગ કરી આરોપીએ ગુનો કરેલ હોય કે જે ગુનાની સજાની જોગવાઈ એકટમાં બીજી કોઈ જગ્યાએ ન હોય, તેવા ગુનામાં સદર કલમ–૧૭૭ મુજબ સજાની જોગવાઈ લાગુ પડે, તેવી જોગવાઈ છે.

જયારે મોટર વ્હીકલ એકટની કલમ–૧૮૪ મુજબ જયારે કોઈપણ જગ્યાએ બેદરકારી અને ગફલતભરી રીતે વાહન ચલાવવાના કારણે અકસ્માતનો બનાવ બને ત્યારે મોટર વ્હીકલ એકટની કલમ–૧૮૪ મુજબનો ગુનો બને તેવી જોગવાઈ છે. મોટર વ્હીકલ એકટની કલમ–૧૮૪ ની જોગવાઈ ધ્યાને લેવામાં આવે તો, આ કલમ મુજબની જોગવાઈ અને આઈ.પી.સી. કલમ–૨૭૯ મુજબની જોગવાઈ મહંદઅંશે એકસરખી છે. બંન્ને વચ્ચેનો મુખ્ય તફાવત એ છે કે, આઈ.પી.સી. કલમ–૨૭૯ મુજબ સરીયામ રસ્તા પર અકસ્માતનો બનાવ બનેલો હોવો જોઈએ જયારે એમ.વી. એકટની કલમ–૧૮૪ માં કોઈપણ જગ્યાએ બનાવ બને એટલે કે સરીયામ રસ્તા ઉપરાંત બીજી કોઈ જગ્યા પર બનાવ બને તો પણ એમ.વી.એકટની કલમ–૧૮૪ ની જોગવાઈ લાગુ પડી શકે છે. હાથ પરના કેસમાં સરીયામ રસ્તા પર અકસ્માતના કેસમાં હંમેશા આરોપીની ઓળખ, અકસ્માત કરનાર વાહનની ઓળખ,અકસ્માત સમયે વાહન ચાલકની વાહન

ચલાવવામાં બેફામપણું અને બેદરકારી હતી તે હકીકત તથા વાહનની ઝડપ વિગેરે તત્વો સાબિત થવાં જરૂરી છે. ઉપરોકત કાયદાકીય જોગવાઈ સાથે સાથે હાથ પરના કેસમાં ફરીયાદપક્ષે રજુ કરેલ પુરાવાનુ મુલ્યાંકન કરવામાં આવે તો, આ કામે રજુ થયેલ બનાવવાળી જગ્યાના પંચનામાના પંચસાહેદ ઈકબાલભાઈ એક માત્ર સાહેદ છે જે તેઓના પુરાવા દરમ્યાન મોટર સાયકલનો નંબર જણાવેલ છે,પરંતુ તેઓએ કોર્ટ રૂબરુ મોબાઈલમાંથી જોઈને મોટર સાયકલનો નંબર જણાવેલ છે તેવુ સ્પષ્ટ નોધેલ હોઈ, જેથી પણ સદર અકસ્માત આ કામના આરોપીની મોટરસાયકલ ધ્વારા થયેલ હોવાની હકીકત શંકાસ્પદ બને છે. તેમજ આ કામે ઈન્કવેસ્ટ પંચનામાના પંચો જતીનભાઈ તેમજ અન્ય પંચસાહેદ રીઝોઈશકુમારે તેઓની જુબાની દરમ્યાન એલીઝાબેનના મૃત શરીરનુ પંચનામુ પોલીસે તેઓ બોલાતા હતા અને જોતા હતા તે મુજબ કરેલ હોવાની હકીકતને સમર્થન કરેલ છે પરંતુ તેઓની જુબાની પરથી મરણજનારનુ મૃત્યુ આ કામના આરોપીએ પોતાના કબજાના વાહન ધ્વારા કરેલ હોવાની હકીકત રેકર્ડ પર આવતી નથી. તેમજ આ કામના અસરકર્તા સાક્ષી એવા ફરીયાદી– આનંદરાય જેઠાલાલ ક્રિશ્ચન તેઓની જુબાની દરમ્યાન સ્પષ્ટ જણાવેલ છે કે, તેઓ નોકરી પર હતા અને સદર બનાવની જાણ તેમના સાળી શીતલબેને ફોન ધ્વારા કરેલ તથા સાહેદ– શીતલબેન વિનયભાઈ પટેલે પણ તેઓની જુબાની દરમ્યાન જણાવેલ છે કે, તેઓને બનાવની જાણ વિજયસિંહ ધ્વારા ફોનથી કરવામાં આવેલ તથા સાહેદ–વિજયસિંહ રુપસિંહ મકવાણાનો પુરાવો ધ્યાને લેવામાં આવે તો, તેઓના પુરાવા દરમ્યાન તેઓએ પણ સ્પષ્ટ જણાવેલ છે કે, તેઓ હોસ્પીટલના ગેટ આગળ ઉભેલ હતા ત્યારે ચાંદનગર તરફથી આવતા એક ભાઈ ધ્વારા તેઓને બનાવની જાણ થયેલ જેથી ઉપરોકત રજુ થયેલ ફરીયાદીની જુબાની તેમજ અન્ય સાહેદોની જુબાની પરથી મરણ જનાર એલીસાબેનનું અકસ્માતમાં ઈજા થવાથી તેમનું મૃત્યુ થયેલ હોવાની હકીકત રેકર્ડ

પર આવે છે,પરંતુ ફરીયાદી કે સદર સાહેદોના પુરાવા દરમ્યાન સદર અકસ્માતનો બનાવ તેઓએ નજરે જોયેલ હોય કે આરોપીના કબજાના વાહન ધ્વારા આરોપીની બેદરકારીથી થયેલ હોય તેવી લેશમાત્ર હકીકત રેકર્ડ પર આવેલ નથી. તેમજ આ કામે આરોપીની મોટર સાયકલની પાછળ બેસેલ સાહેદ દિપકભાઇને તપાસેલ છે, તેઓના પુરાવા દરમ્યાન પણ મોટરસાયકલની સ્પીડ ધીમી હતી અને અચાનક માજી (મરણ જનાર) વચ્ચે આવી મોટર સાયકલ સાથે ટકરાઇ જવાથી તેઓને ઇજા થયેલ, તેમજ તેઓને મોટર સાયકલનો નંબર યાદ નથી તેવી હકીકત રેકર્ડ પર આવે છે તેમજ તેઓની ઉલટતપાસમાં પણ દીવાળીનો માહોલ હોવાથી ગાડીની સ્પીડ ધીમી હતી તેવુ સ્પષ્ટ સ્વીકારેલ છે. આ કામે તપાસવામાં આવેલ ત.ક.અમલદાર રાકેશકુમારે પણ પોતાની ઉલટતપાસ દરમીયાન બનાવ બનેલ તે વખતે દીવાળીનો સમય હતો તેવુ સ્પષ્ટ જણાવેલ હોઇ,જેથી ઉપરોકત સાહેદને ત.ક.અમલદારની જુબાની પરથી પણ સમર્થન પ્રાપ્ત થયેલ છે. તેમજ આ કામે અન્ય સાંયોગીક પુરાવા જેવા કે, પી.એમ.નોટ, સ્થળપરીક્ષણ અહેવાલ પરથી પણ આ કામના મરણજનાર એલીઝાબેનને અકસ્માતમાં ઇજા થવાથી મરણ ગયેલ હોવાની હકીકત જ પુરવાર થાય છે, પરંતુ સદર સાંયોગીક પુરાવાથી આરોપીને ગુનામાં સાંકળી શકાય તેવો કોઇ નકકર પુરાવો રેકર્ડ પર આવેલ નથી. જેથી આ અકસ્માત આ કામના આરોપીએ જ પોતાના હવાલાવાળુ વાહન ગફલતભરી રીતે અને બેદરકારીપૂર્વક માનવ જીંદગી જોખમાય તે રીતે ચલાવીને કરેલ હોય તેવી મહત્વની હકીકતો ફરિયાદ પક્ષના પુરાવા પરથી પુરવાર થતી નથી.

(૧૭) આમ,ફરીયાદપક્ષનો સમગ્ર પુરાવો ધ્યાને લેતાં, આ કામના આરોપીએ પુરઝડપે અને બેદરકારીપુર્વક પોતાના હવાલાવાળુ વાહન ચલાવી મરણ જનાર સાથે અકસ્માત કરી તેનુ મૃત્યુ નીપજાવેલ હોય તેવી મહત્વની કોઈ હકીકત પુરવાર થતી ન હોય અને તે રીતે આરોપીને તેમની સામે આક્ષેપાયેલ ગુનામાં સાંકળી શકે તેવો નકકર,

સ્પષ્ટ અને કડીબધ્ધ પુરાવો ફરીયાદપક્ષે રજુ કરેલ ન હોય,તેમજ એવો કોઈ સાંયોગિક પુરાવો પણ રેકર્ડ ઉપર રજુ થયેલ નથી કે જેથી આરોપીએ ફરીયાદ હકીકત મુજબનો ગુન્હો આચરેલ હોય તેવુ અનુમાન થઈ શકે.બનાવમાં આરોપીની સંડોવણી અંગે શંકા ઉદભવતી હોય,ન્યાયશાસ્ત્રના સિધ્ધાંત મુજબ જયારે બનાવમાં આરોપીની સંડોવણી અંગે શંકા ઉદભવે ત્યારે તેનો લાભ હંમેશા આરોપીને મળવાપાત્ર હોય, આ સંજોગોમાં આરોપીને તેની સામે આક્ષેપાયેલ ગુના સબબ તકસીરવાન ઠરાવી શકાય નહિ તેવુ આ અદાલતનું માનવુ છે.

(૧૮) આમ, રેકર્ડ ઉપર આવેલ ફરિયાદ પક્ષનો સમગ્ર પુરાવો ધ્યાને લેતાં, આરોપી સામે આક્ષેપાયેલ ગુનો પુરવાર કરવામાં ફરિયાદ પક્ષ નિષ્ફળ ગયેલ હોય, તેથી **મુદ્દા નં. ૧** નો જવાબ નકારમાં આપી **મુદ્દા નં. ૨** પરત્વે નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**::<u>હુકમ</u>::**

૧. આ કામના આરોપી **મયંકકુમાર દિનેશભાઇ રાવળ,**રહે.સીંગા,તા.ઇડર,જી.સાબરકાંઠાવાળાને બી.એન.એન.એસ કલમ–૨૭૧ (૧) અન્વયે બી.એન.એસ. એકટ (૨૦૨૩) કલમ– ૧૦૬(૧),૨૮૧,૧૨૫(એ)તથા એમ.વી.એકટ કલમ– ૧૭૭,૧૮૪ મુજબના શિક્ષાપાત્ર ગુનામાંથી નિર્દોષ ઠરાવી છોડી મુકવામાં આવે છે.

૨. આ કામે કબજે કરવામાં આવેલ મુદામાલ મોટર સાયકલ અંગે અગાઉ જો કોઇ હુકમ કરવામાં આવેલ હોય તો તે કાયમ રાખવાનો હુકમ કરવામાં આવે છે અને જો કોઇ હુકમ ન કરવામાં આવેલ હોય તો અપીલ સમય બાદ માલીકીની ખરાઇ કરી પરત સોપવાનો હુકમ કરવામાં આવે છે.

**3.** આ કામના આરોપીને બી.એન.એન.એસ. કલમ–૪૮૧ અન્વયે રૂ.૧૫,૦૦૦/– (પંદર હજાર પુરા)ના જામીન અપીલ સમયગાળા માટે આપવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજરોજ તારીખ– **૧૮ મી,** માહે **એપ્રિલ,** સને **૨૦૨૬** ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી,મારી સહી કરી જાહેર કર્યો.

**સ્થળ: હિમતનગર**
**તારીખ:૧૮/૦૪/૨૦૨૬**

**(અમીત બીપીનચંદ્ર મામતોરા)**
**બીજા એડી.ચીફ જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ,**
**હિમતનગર**
**જજ કોડ:જીજે–૦૧૦૫૯**

N.B PATEL